# સંકલ્પસિદ્ધિની અનોખી વાસ્તવકથા | પ્રા. સુરેશ મ. શાહ

[**ઈડલી, ઑર્કિડ અને હું !** : વિઠ્ઠલ વ્યંકટેશ કામત, અનુવાદ : અરુણા જાડેજા; ઇમેજ પબ્લિકેશન પ્રા. લિ., મુંબઈ-અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૫, પૃ. ૧૮૩+૮, કિં. રૂ. ૧૫૦/-]

અધધધ, માત્ર પાંચ વર્ષના ટૂંક સમયમાં આટલાં બધાં માન-સન્માન, પુરસ્કારો અને એવૉર્ડ, હા, મુંબઈની હોટેલ ઑર્કિડને. એમાં પણ જગતની સર્વશ્રેષ્ઠ હૉટેલનો એવૉર્ડ ડર્બનમાં, અને તે પણ પર્યાવરણનું સંતુલન જાળવનારી વિશ્વની શ્રેષ્ઠતમ હોટેલનો પ્રતિષ્ઠિત એવૉર્ડ. દેશવિદેશમાં પ્રતિષ્ઠાપ્રાપ્ત આ હોટેલને માત્ર પાંચ જ વર્ષમાં ૨૫ કરતાં પણ વધારે એવૉર્ડ પ્રાપ્ત થયા છે, અને તેમાં સૌથી મહત્ત્વની વાત પર્યાવરણની સંતુલતા જાળવવાની અને તે પણ મુંબઈ જેવા પ્રદૂષણથી ભરપૂર મહાનગરમાં.

હા, તો આ પુસ્તક આવી હોટેલની સ્થાપનાની, અને તે માટેના સ્થાપક વિઠ્ઠલ કામતનાં સંકલ્પ, મનોબળ અને પુરુષાર્થની અનેરી હૃદયસ્પર્શી વાસ્તવકથાનું એક સરસ ભાવવાહી આલેખન બન્યું છે. આ કાંઈ સમગ્ર જીવનકથા નથી પણ એક સ્વપ્નને, યુવાનના સ્વપ્નને કેવી રીતે સફળતાની ટોચે પહોંચવાનું શક્ય બન્યું તેની પ્રેરણાદાયી વાતો છે.

વિઠ્ઠલ કામત કિશોર-યુવાપ્રવેશ વયે માત્ર 'સમ્રાટ' રેસ્ટોરન્ટમાં એક સામાન્ય કામગીરી કરનાર, પિતા વ્યંકટેશ માલિક, પણ પિતાનાં આદર્શ, ચીવટ અને ભલાઈની પૂરેપૂરી અસરને ઝીલનાર અને માતાની રસોઈની અને તેમાં પણ ઈડલીની પ્રશંસાને બાલ્યવયથી જ નિહાળીને આનંદ પામનાર; અને એટલે જ લખી શકે ને કે 'આખી દુનિયામાં મારી મા જેવું ઈડલી બનાવનાર બીજું કોઈ શોધ્યું જડે તેમ નથી.' બસ, માનું કૌશલ્ય અને પિતાનું જીવનચયન એ આદર્શ બની રહ્યો અને પછી તો જ્યાં કામ કરતો ત્યાંથી જ સ્વપ્ન સેવવાનું શરૂ કર્યું. એક અદ્ભુત હોટેલ બનાવવાનું અને તે માટે માત્ર વીસ વરસની વયે તો રાયબહાદુર ઓબેરૉયને મળવાની હિંમત કરી અને શુભેચ્છા પણ પ્રાપ્ત કરી.

હવે તો ઑર્કિડ ઇકોટેલ તરીકે ખ્યાત આ હોટેલ પર્યાવરણ જાળવવાના અનેકાનેક પ્રયોગો કરે છે એટલું જ નહિ, પણ તે પદ્ધતિઓ શીખવવાની રીતસરની પ્રયોગશાળા પણ ચલાવે છે. અહીં તેઓ કહે છે કે ઇકોટેલ એટલે ઇકોનોમી નહીં પણ ફાઇવસ્ટાર ડીલક્ષ હોટલ કે જ્યાં પર્યાવરણનું સંતુલન જાળવવામાં આવે છે. આખા પુસ્તકમાં પ્રસંગો અને ઘટનાઓ અનોખી રીતે રજૂ કરવામાં આવ્યાં છે જે આનંદ તો આપે જ છે, પણ સાથેસાથે પ્રેરણા પણ પૂરી પાડે છે.

જેમકે જાપાનમાં 'નમસ્કાર ! ઇન્ડિયન રેસ્ટોરન્ટ'નું ઉદ્ઘાટન કરવા ગયા ત્યારે નાન બનાવવાની વાત અને તે માટે હૈયાઉકલતથી એક જાપાની કપ-રકાબી ધોનારને કેવો નાનનો કારીગર બનાવી દીધો તે, અને ઉદ્ઘાટન-સમારંભમાં યુનિ.ના મ્યુઝિક વિભાગના બે જાપાની પ્રોફેસરોને કેવી રીતે સિતાર અને તબલાં વગાડતાં કરી દીધા અને એ રીતે ભારતીય સંગીત ભારતીય રેસ્ટોરેન્ટમાં પીરસ્યું એની સહજ સૂઝની વાત કેવી રોચક છે !

તેઓ ભારપૂર્વક કહે છે કે નાની વયમાં ઉછેર, વિકાસ અને સમજણ માટે વાતાવરણ અને રહેઠાણ મહત્ત્વનો ભાગ ભજવે છે જે મને ગણેશપ્રસાદ અને શાળામાં યોગ્ય રીતે મળ્યા છે. વાતો સાંભળવાની બહુ જ ગમતી અને તેમાંથી જ હું શીખ્યો કે હંમેશાં કાન અને આંખ ખુલ્લાં રાખવાં, જે પ્રગતિમાં ઘણાં જ ઉપયોગી નીવડે છે. પોતાની આવી પ્રગતિ માટે કહે છે કે મને જે વારસો મળ્યો છે તે માલમિલકતનો નહીં, પણ સદ્ગુણોનો અને સદાચારનો જ મળ્યો. અને તે પણ મા-બાપ તેમજ વાતાવરણમાંથી. એટલે જ હું જીવનમાં પ્રસંગે પ્રસંગે ધૈર્ય અને સમતુલા સાચવી શક્યો છું અને નવી નવી કલ્પનાઓ કરી તેને વાસ્તવમાં પલટાવી શક્યો છું. મારે તો એક કલ્પના સફળ થાય કે તરત જ બીજી કે ત્રીજી શરૂ. મારી પાસે કલ્પનાઓનો તૂટો નહોતો અને એ કલ્પનાઓને દાદ આપનારાઓનીય ખોટ નહોતી.

હોટેલના વ્યવસાયનો અનુભવ લેવા અન્યોને મદદરૂપ થવા અને એવૉર્ડ લેવા લેખક આખી દુનિયામાં ફર્યા છે અને એ બધા પ્રવાસના અનુભવો અને અનેકોના પરિચયોના પ્રસંગો આહ્લાદક તો છે જ, પણ સાથે સાથે માનવીય વ્યવહારોની સફળતાઓની ગુરુચાવી પણ બતાવે છે. સમગ્ર પુસ્તકમાં એ આદર્શ છે કે ગમે તેટલું અશક્ય હોય ! પણ પ્રયત્ન કરવામાં શો વાંધો છે ! અને એમાંથી જ સફળતા પ્રાપ્ત થાય છે ને ! સાહસિક ઉદ્યોગપતિ થવા માટે સાત બાબતો યાદ રાખવાનો ગુરુમંત્ર તેઓ પાના ૪૭ પર સરસ રીતે રજૂ કરે છે.

કામથી કંટાળીને એક વખત બાપુજી પાસે મ્યુ.માં જવાનું છે લાયસન્સ માટે, તેમ કહીને મિત્ર સાથે રીગલ થિયેટરમાં પિક્ચર જોવા જવું અને ત્યાં બનેલો રમૂજી પ્રસંગ, ડર્બનમાં એવૉર્ડના આગળના દિવસે ડર્બન ઇન્ટરનૅશનલ સેન્ટરમાં જગ્યા જોવાનો પ્રસંગ, આવા બધા પ્રસંગે સહજ રીતે સામેથી જ અનેકો જોડે ઓળખાણ કરી લેવાની વૃત્તિ, રિઝર્વ બૅન્કના ગવર્નર સાથેનો પ્રસંગ, પુત્ર વિશાલની અભ્યાસમાં નબળાઈ અને તેની સાથે પરોક્ષ રીતે સમજણ આપી અભ્યાસમાં મગ્ન થવાની કરેલી તરકીબ અને એ રીતે પોતાનાં બાળકોના મિત્ર બની રહેવાની વાત, 'કામત પ્લાઝા'માં ઘરાકમાં જિજ્ઞાસા વધારવાની અને હોટેલમાં ખેંચી લાવવાની યોજના – આ બધું જ સરસ રીતે આલેખાયું છે અને તે પણ એવી સરસ રીતે કે પુસ્તક હાથમાં લીધા પછી પૂરેપૂરું વંચાય ત્યારે જંપ વળે.

આખા જગતમાં કંઈક અનોખું કરી બતાવવું છે તે વિચારને જ વાગોળતા વાગોળતા પર્યાવરણની જાળવણીની તીવ્ર ખેવના, આકસ્મિક રીતે અવારનવાર પ્રાપ્ત થયેલી આર્થિક અને અન્ય સહાયની વાતોના અનેક પ્રસંગો આ પુસ્તકને એક વ્યાપક પ્રેરણાગ્રંથ બનાવે છે. તેમાં પણ આખી હોટેલમાં કચરાનું પ્રમાણ શૂન્ય હોય તેવું આયોજન અને પ્રયોગો અને છેલ્લે ખાસ વાત તો એ કે જીવનમાં ભૂલો તો થતી જ રહે. પણ ધ્યાનમાં આવે એ જ મહત્ત્વનું છે કારણ કે તેમાંથી સ્વઘડતર થાય છે, અને હું પણ બધું જ કહીને ભૂલ કરવા માંગતો નથી એટલે આટલું ઇંગિત કર્યા પછી બાકીનું આપ સહુને વાંચવા માટે !

પુસ્તક વાંચવું નહિ, પણ ખરીદવું, તેની વાતો કરવી અને ભેટ આપવું ગમે તેવું બન્યું છે. એટલે માત્ર લેખકને જ નહિ પણ અનુવાદિકાને પણ અભિનંદન આપવાં રહ્યાં, આવું સરસ નજરાણું ગુજરાતી વાચકો સમક્ષ સુલભ કરવાને કારણે જ સ્તો.